# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

વ્દિતીય વર્ષ અભ્યાસક્રમ-૪

સપ્ટેંબર ૨૦૧૫

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. સંયમિત આત્માવાળા સાધુપુરુષો ...................... આત્મા ને જોઈ શકે છે.
૨. મન:પર્યવજ્ઞાન માં જે ગ્રહણ કરાય છે તે ...................... છે.
૩. કેવલજ્ઞાન ના અગાધસાગર માં થી ...................... ની ગંગા વહેતી થઈ.
૪. કર્મ નો અંશ થી ત્યાગ તે ...................... તત્વ છે.
૫. કલિ નો એક ...................... પરિગ્રહ નો વિવેકી પુરુષો એ પરિહાર કરવો.
૬. આ ...................... માં પણ સંતોષ મહત્વ ની ભૂમિકા ભજવે છે.
૭. આ સંસાર ના પ્રવાહ ના શત્રુરુપ ...................... તમે મારા પાપ ને શમાવો.
૮. આ લઘુ સંગ્રહણી માં ...................... નો વિચાર કરવા માં આવ્યો છે.
૯. સમ્યક્ત્વ, મિશ્ર, મિથ્યાત્વ મોહનીય ...................... ના ત્રણ પ્રકાર છે.
૧૦. હે સ્વામી હવે મને આપની ...................... આપી મારો ઉદ્ધાર કરો.
૧૧. મુલ્ય આપી ને વેચાતાં લીધેલા એવાં દાસ દાસી ...................... પરિગ્રહ માં જાણવા.
૧૨. દેવાધિદેવ ના દર્શન ...................... કરી ધન્યતા અનુભવે.
૧૩. આ વેદપદો થી આત્મા ...................... થી અલગ આત્મા છે એમ સિદ્ધ થાય છે.
૧૪. ઢોલ નગારા વાગે તો પણ ખબર ન પડે તે ...................... કહેવાય.
૧૫. મહાવિદેહ ક્ષેત્ર ના ...................... ક્ષેત્ર અકર્મભૂમિ છે.
૧૬. દુધ આદિ માપ થી વેચાય તે ...................... જાણવા
૧૭. પૉંચ ઇન્દ્રિય ની પૂર્ણતા છતાં મુંગા-બહેરા થાય તે ...................... ઉદય કહેવાય.
૧૮. ચોથા આરા માં જન્મેલા ...................... સમચતુરસ્ર સંસ્થાનવાળા હતા.
૧૯. હૃદય માં શુભ અને શુદ્ધ ભાવોની પરંપરા ...................... નિર્માણ થાય છે.
૨૦. દર્શન સપ્તક ના સંપૂર્ણ ક્ષય થી ...................... સમ્યક્ત્વ ની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. કયા વ્રત નો પાલક ગૃહસ્થ ઉચ્ચ શીલધર્મ ના કારણે મુનિસાધુ સમાન ગણાય છે ?
૨. જીવાજીવાદિ તત્વ ની શ્રદ્ધા માં મુંઝવે તે કયો કર્મ છે ?
૩. કોના શરીર લક્ષણવંત હોય ?
૪. બત્રીસ હજાર મુગટબદ્ધ રાજા કોના માર્ગ ને અનુસરે છે ?
૫. વ્રતી શ્રાવક પારકા વિવાહ જોડે તો કયો અતિચાર લાગે ?
૬. શ્રી વાયુભૂતિ એ કોના પ્રમાણે વેદ-વેદાન્ત નો અભ્યાસ કર્યો ?
૭. ક્ષાયિક સમ્યક્ત્વ થી પહેલા આત્મા ને કયો સમ્યક્ત્વ હોય છે ?
૮. શ્રી વીર ને વંદન માટે આવતા સૌદર્મેન્દ્ર શેની વિકુર્વણા કરી ?
૯. ચૌર્યાસી લાખ જીવયોનિ માં રખડાવવાની તાકત શેમાં છે ?
૧૦. અર્ધ ચક્રવર્તી થી અડદો બલ કઈ નિદ્રા વાળા ને હોય છે ?
૧૧. શ્રી વાયુભૂતિ એ કયા દિવસે વીર પ્રભુ પાસે થી ત્રિપદી પામી ?
૧૨. શીલવ્રત ના પાલન માટે કયા ભગવાન ની આરાધના કરવી જોઈએ ?
૧૩. શેની પ્રાપ્તિ માટે ત્રણ પ્રદક્ષિણા શ્રાવક -શ્રાવિકા દેં ?
૧૪. કરિયાણા પ્રમુખ જે તોલી ને વેચાય તે કયા પરિગ્રહ માં આવે ?
૧૫. કર્મ નો સંપૂર્ણ નાશ તે કયા તત્વ માં આવે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) નિજ્જરણા ૨) કેલીવેશ્મ ૩) જમગા ૪) ગણિયપયં ૫) હય ૬) સોપાનં ૭) ગિરં
૮) જણવય ૯) મીસં ૧૦) મજ્જં ૧૧) વિહં ૧૨) ચિત્ર ૧૩) વરરયણ ૧૪) ઠિઅ
૧૫) ખઈગા ૧૬) સત્ત ૧૭) ધંત ૧૮) તઓ ૧૯) વેયણિય ૨૦) સુહ

**પ્રશ્ન – ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| A | B |
|---|---|
| ૧) હિરણ | ૧) પ્રણામ |
| ૨) કુરુદેશ | ૨) કટાક્ષ |
| ૩) સામાન્યોપયોગ | ૩) વંતસક |
| ૪) અર્ધાવનત | ૪) સંલેખના |
| ૫) વર્ષધર | ૫) મિથ્યાત્વ મોહનીય |
| ૬) તીવ્રમોહ | ૬) પ્રદક્ષિણા |
| ૭) અનંગ | ૭) શાંતિનાથ |
| ૮) સમવસરણ | ૮) કાયુરુપું |
| ૯) કર્ણિકા | ૯) દર્શન |
| ૧૦) રાજગૃહી | ૧૦) વક્ષસ્કાર |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. શ્રી જિનેશ્વર પરમાત્મા ના દર્શન કરતા કેટલા ઉપવાસ નો લાભ થાય ?
૨. શ્રી અગ્નિભૂતિ વાયુભૂતિ થી કેટલા વર્ષ મોટા હતા ?
૩. રમ્યક્ક્ષેત્ર નું પ્રમાણ કેટલુ છે ?
૪. ચઉપ્પય પરિગ્રહ માં કેટલા પ્રમુખ ચઉપગા જીવ જણાવ્યા છે ?
૫. દર્શનાવરણીય કર્મ માં દર્શન ના આવરણ કેટલા છે ?
૬. શ્રી શાંતિનાથ પ્રભુ કેટલી સુંદર યુવતિયો ના પતિ થયા ?
૭. શ્રી અગ્નિભૂતિ એ કેટલા વર્ષ સુધી ચારિત્ર પાળયુ ?
૮. સૌધર્મેન્દ્ર દ્વારા બનાવેલા હાથીઓ માં દરેક ને કેટલા મસ્તક હતા ?
૯. સંવર તત્વ કેટલા ભેદવાળુ છે ?
૧૦. કેટલા કર્મ ના સંપૂર્ણ ક્ષય થી ક્ષાયિક સમ્યક્ત્વ ની પ્રાપ્તી થાય છે ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. સામાયિક માં માલા ગણતાં ઉંઘ કરી લઈએ તે નિદ્રા કહેવાય.
૨. પરિધિ ને વ્યાસ ના "પા" (૧/૪) ભાગ વડે ગુણવા થી ગોળ વસ્તુનું ક્ષેત્રફળ આવે.
૩. પારકી સ્ત્રી ને જોઈ ને બહુ ચાહના કરે એ અનંગ અતિચાર જાણવો.
૪. મહાવિદેહ ક્ષેત્ર એક લાખ યોજન ઉત્તર દક્ષિણ લાંબુ છે.
૫. શત્રુઓ ના ગણ ને જીતનારા અજીતનાથ સ્વામી ને હું તત્પર થઈ પ્રણામ કરું છું.
૬. તિર્યંચો તથા નારક માં અસાતા હોય છે.
૭. સુવર્ણ રુંપુ આ ધન પરિગ્રહ માં આવે છે.
૮. વાયુભૂતિ દસ વર્ષ કેવળી પર્યાય માં વિચર્યા .
૯. છદ્મસ્થ જીવો ને પ્રથમ દર્શનોપયોગ હોય પછી જ્ઞાનોપયોગ હોય.
૧૦. આ સંસાર માં કોઈ કોઈ નું નથી .

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. ત્રણ દર્શન મોહનીય સત્તા માં હોય છે, પરંતુ આત્મા આ ત્રણે ને એવું દબાવે છે કે એની એકે પ્રકૃતિ ઉદય માં ન આવે.
૨. દેરાસર ના દરવાજા આગળ નાં પહેલા પગથીયા ઉપર સ્ત્રી અથવા પુરુષે જમણો પગ મૂકી ને ઉપર ચઢવું.
૩. આ શીલવ્રત માં પણ સંતોષ મહત્વની ભૂમિકા ભજવે છે.
૪. જેણે તને અહંકારી બનાવ્યા છે એવા આ પરિગ્રહ ને તૂં સારી રીતે ઓળખી લે.
૫. હે ભગવાન તમે મારા પાપ ને શમાવો.
૬. ઉમર માં ભલે બન્ને મોટા ભાઈ કરતા નાના હતા, પરંતુ કેવળી પર્યાય માં તેઓ બન્ને કરતા મોટા હતા.
૭. ચામર નૃત્ય ભાવપૂજા કરતાં અનંત ગણું પુણ્ય પ્રાપ્ત થાય છે.
૮. પરિગ્રહ, સંચય કરેલી સર્વ વસ્તુઓ અહીં ની અહીં રહી જાય છે.
૯. ભરત વગૈરહ સાત વાસક્ષેત્રો છે.
૧૦. એનો વિવેક ગુમાવી બેસે છે, ન બોલવાનું બોલે , ન કરવાનુ કરે.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. શીલવ્રત સમજાવો ૨) પાઁચ નિદ્રા સમજાવો
૩. વાયુભૂતિ ગણધર નુ ગૃહસ્થ જીવન સમજાવો
૪. દેરાસર માં પ્રવેશ કરવાનું ક્રમ ટૂંક માં સમજાવો.
૫. શ્રી શાંતિનાથ ભ. ની ચક્રવર્તીની ઋદ્ધિ નું વર્ણન કરો.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com